**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૫/૫/૨૦૧૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા :-</u> <u>સમાચાર યાદી નં.૯૮૦/૧૫</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૩૪ લીટર દેશી દારૂ, ૧૦૯ બોટલ ઇગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧૩,૩૫૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૯૮૧/૧૫</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

<u>અપહરણઃ-</u> <u>સમાચાર યાદી નં.૯૮૨/૧૫</u>

નરોડા : હિરાલાલ મોંઘાભાઇ રોત (રહે,આશિર્વાદ એવન્યુની સાઇડ ઉપર, હરીદર્શન ચાર રસ્તા પાસે, નરોડા) એ તા.૧૪/૫/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૫/૧૫ રાતનાં ૧૦/૦૦ થી તા.૩/૫/૧૫ સવારનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન ઘર નજીકથી આરોપી અર્જુન સબુરભાઇ પટેલ (રહે.ગામ: બોગડવા તા.દેવગઢ બારીયા જી.દાહોદ) હિરાલાલની પુત્રી કવિતાબહેન (ઉ.વ.૧૫) ને લલચાવી ફોસલાવી, અપહરણ કરી લઇ ગયો છે.આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.બી.રાણા ચલાવે છે.

<u>ઘરફોડઃ-</u> <u>સમાચાર યાદી નં.૯૮૩/૧૫</u>

ઇસનપુર : ભાવીકભાઇ જ્યોતીન્દ્રભાઇ પંડ્યા (રહે,એવફોલ કોર્ટ યાર્ડ, વિભાગ-૨, કેડીલાબ્રીજ પાસે, ઘોડાસર ચાર રસ્તા પાસે, ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૫/૧૫ સવારના ૧૧/30 થી બપોરનાં 3/30 વાગ્યા દરમ્યાન, પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૨,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.વી.રાણા ચલાવે છે.

<u>ચોરી :-</u> <u>સમાચાર યાદી નં.૯૮૪/૧૫</u>

નરોડા : નયનાબહેન સુરેશભાઇ પંચાલ (રહે,હરીઓમ એપાર્ટમેન્ટ, જુની પોસ્ટ ઓફીસ સામે, નરોડા) એ તા.૧૪/૫/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૫/૧૫ ના કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાની પુત્રી વૈભવીબહેન સુરેશભાઇ પંચાલ પોતાના ઘરની તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, સાડીઓ, મોબાઇલ ફોન, રોકડ રૂપિયા અને ચેકથી બેંકમાંથી ઉપાડેલ રકમ મળી કુલ રૂપિયા ૧,૮૨,૬૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એફ.એલ.રાઠોડ ચલાવે છે.

<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u> <u>સમાચાર યાદી નં.૯૮૫/૧૫</u>

વટવા : અમૃતભાઇ અર્જુનભાઇ સોલંકી (રહે : નવદુર્ગા ચોક, ગોતા ટાઉનશીપ, વસંતનગર રોડ, ગોતા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતાના પિતા અર્જુનભાઇ ડિસાભાઇ સોલંકી (ઉ.વ.૭૮) (રહે.શ્રીનાથ ટાઉનશીપ, બળીયાદેવ મંદિર પાસે, લાંભા ગામ) તા.૧૪/૫/૧૫ સાંજનાં ૭/૪૦ વાગ્યાના સુમારે એ.એમ.ટી.એસ.બસ નંબર જીજે.૨૭.ઇ.૬૨૧૮ માંથી નીચે ઉતરવા જતાં હતા દરમ્યાન એ.એમ.ટી.એસ.બસ નાં ચાલકે બસ ગફલતભરી રીતે ચલાવી લેતાં, અર્જુનભાઇ રોડ ઉપર પડી જતાં, તેમનાં બંને પગ બસ નીચે ચકદાઇ જતાં, શરીરે ગંભીર ઇજા થતાં, અર્જુનભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

<u>આત્મહત્યા :</u> <u>સમાચાર યાદી નં.૯૮૬/૧૫</u>

શહેરકોટડા : અશોકભાઇ દેવજીભાઇ રાઠોડ (ઉ.વ.૪૪)(રહે.ડી કોલોની, વિજય મીલ, નરોડા રોડ) એ તા.૧૪/૫/૧૫ સવારનાં ૧૦/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે માનશીક બિમારીનાં કારણે પોતાની જાતે શરીરે કેરોસીન છાંટી, સળગી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.વી.ડીંડોર ચલાવે છે.

એલીસબ્રીજ : જીમી દિલીપભાઇ શાહ (ઉ.વ.૧૯)(રહે.રામેશ્વર ફ્લેટ, અંબિકાનગર, ઓઢવ) એ તા.૧૪/૫/૧૫ સાંજનાં ૫/૫૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે એન.આઇ.ડી., સરદારબ્રીજ પાસે આવેલ સાબરમતી રીવરફ્રન્ટ ખાતે નદીમાં પડી, ડુબી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિનેશભાઇ વાલજીભાઇ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.